## વરવી વાસ્તવિકતાઓનાં ન્યૂડ-રિયલ વાર્તારૂપો ! | રાધેશ્યામ શર્મા

[**'એક હતો હું'** : લેખક : શ્રીકાન્ત શાહ, પ્રકાશક : આર. આર. શેઠની કંપની, 'દ્વારકેશ', રોયલ એપાર્ટમેન્ટ પાસે, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧, ૨૦૦૯, પૃ. ૧૯૧, કિં. રૂ. ૧૫૦/-]

ધ્યાનપાત્ર 'સિગ્નેચર'વાળા સર્જક શ્રીકાન્ત શાહ એમનો પ્રથમ સાહિત્યસ્પર્શ 'એક' નામના કાવ્યસંગ્રહમાં અવતારીને – ૧૯૭૨ આસપાસ – આવ્યા ત્યારે આ લખનારે સંગ્રહમાંની એક કાવ્યપંક્તિ પ્રસ્તુત કરેલી : 'રે બધાથી હું પરિચિત સર્વદા / કિંતુ ન કો' મારા થકી' –

આજે ૨૦૧૦માં, ૩૮ જેટલાં વર્ષ પછી શ્રીકાન્ત એમનો 'પહેલો અને છેલ્લો વાર્તાસંગ્રહ' રજૂ કરતાં એનું નામ આપે છે : 'એક હતો – હું.' કાવ્યસંગ્રહ 'એક'વાળો જે હું હતો તે બધાથી પરિચિત હતો કિંતુ કોઈ કવિ-લેખકના 'હું'થી પરિચિત નહોતું ! હવેની પરિસ્થિતિ કેવીક છે ? જાણવા નિવેદન વાંચીએ :

'આ વાર્તાઓમાં ક્યાંક હું પ્રગટ થાઉં છું... ક્યાંક તમે... ક્યાંક મારી-તમારી અપ્રગટ રહી ગયેલી વાસ્તવિકતા અથવા તો ક્યાંક... કોક સામે બેઠેલા વૃદ્ધ માણસે પહેરેલાં ચોકઠાં જેવી છલના.'

'હું'ની, 'હું' બહારની કે બીજાની પ્રગટ-અપ્રગટ વાસ્તવિકતા છલનામયી રીતિએ નિરૂપાઈ હોય તો પહેલી નજરે તો ઘણી આકર્ષક લાગે. તે નિર્જલ હોય કે કાજલયુક્ત પણ 'જિંદગીની નીંભર અને ખાંગી થઈ ગયેલી' વાસ્તવિકતાને છંછેડ્યા વગર જંપી ન શકે.

કબૂલ કરવું પડે કે વાર્તાકર્તાએ વિવિધ ફૉર્મને 'આગવી રીતે' રચ્યું છે. પ્રત્યેક કળાનિષ્ઠ વાર્તાકાર આગવી રીતે સર્જન કરે, તાત્પર્ય કે કથાની 'કન્ટેન્ટ' જ લેખકને 'ફૉર્મ' રચવાની ટૅકનિક તરફ દોરી જાય. પણ મહત્ત્વનો પ્રશ્ન એ રહે કે સામગ્રી સ્વ-રૂપ આકૃત કરવા જેવી સંસિદ્ધ થઈ છે ? સામગ્રીની વિપુલતા કે સમૃદ્ધિ કૃતિને કળાત્મક બનાવી શકે કે કેમ એ મુદ્દો વિચારણીય છે – જે પ્રત્યેક વાર્તાનાં આસ્વાદ-આલોચના વિના અત્રે શક્ય નથી.

સંગ્રહની પહેલી વાર્તા 'કન્વેયર બેલ્ટ પરનો માણસ'માં લેખકની – વર્તનયાદી ખચિત ઝીણી નિરીક્ષણશક્તિ સમૃદ્ધ સામગ્રીની વિપુલતા સાથે છતી થાય છે પરંતુ ટૂંકી વા-ર-તાને અપેક્ષિત 'સિંગલ ઇફેક્ટ', ડિ-ફ્યૂઝ થઈ જતી અનુભવાય. નાયક નટવરલાલને પશુઓ જેવી ખરીઓ હતી તે અંતે ઘસાઈ ગઈ ત્યાં સુધીમાં લેખકનું લક્ષ્ય 'ઇન્ડિવિજ્યુઅલ ઇઝ કન્વેર્ટેડ ઇનટુ માસ-પીપલ' બતાવવામાં જેટલી વર્તન-ક્રિયાઓ દર્શાવે તે રસપ્રદ જરૂર છે પણ એનાં પ્રલંબ વર્ણનો કળા-અપેક્ષિત સંયમનો અભાવ સૂચવે છે. બાકી નાયકનું જાત-નિષ્કાસન આ આંતર-અવલોકનમાં સચેત ઊપસ્યું છે : 'એટલે કે ....હું આરબનું ઊંટ બની ગયો. મારામાંથી હું જ તગેડાઈ ગયો.' (પૃ. ૨૧)

આવા 'હું'ને વાર્તાલેખકનો માનવો કે નહીં, તે પ્રત્યેક પાઠકનો સબ્જેક્ટિવ ઇલાકો છે !

'હું'નું ઇન્ફ્લેશન માણવું હોય તેમણે 'હું... એટલે અમસ્તી અમસ્તી ઘટના' વાર્તાનો અંત વાંચવો.

એક સરરિયલ પોએમના સ્તરે રચના પરિણમી છે : 'અને હું... એક આખેઆખું કેસૂડાનું વૃક્ષ બની... મારા જ ડ્રોઇંગરૂમ વચ્ચોવચ ઊગી જવા જમીન ઉપર મારા બેઉ પગોને મજબૂતીથી ગોઠવું છું.' (પૃ. ૩૧)

અહીં સુરેશ જોષીનો અંતરઆત્મા શ્રીકાન્ત પર વારી જાય કે તેમણે 'અમસ્તી અમસ્તી ઘટના'ને યથાર્થ 'મૉડર્ન શોર્ટ (રિપીટ) સ્ટોરી'નું ફૉર્મ, સ-રસ સાચવ્યું છે.

તો 'વાદળી નાયલોનની દોરી' આલ્ફ્રેડ હિચકૉકની સસ્પેન્સ થ્રીલનો – વધુ પ્રલંબનરીતિથી – અનુભવ પીરસે છે. કોણ માને છે. અદ્યતન વાર્તાલેખક (બેશક, નાયક મારફત) કન્સેપ્ટ ફીડિંગ... અભિપ્રાયોના – જંતુ નથી વેરતા ? દા.ત.

> **Man is nothing bat an idea... concept... by which we measure our pleasure and pain...** (પૃ. ૯૬)

'રાબેતા મુજબનો એક માણસ... અમૃતલાલ' પણ કર્તાની કલમનો એક નાદર નમૂનો નથી શું ?

'લાંબાં લાંબાં વર્ષો'ના બુઝર્ગનું શારીરિક ચિત્રણ દોસ્તોયેવ્સ્કીની કથાકૃતિ 'ઇન્સલ્ટેડ ઍન્ડ હ્યુમિલિયેટેડ'ની યાદ જગાવી ગયું : 'આમ દરવખત આંગળાને કાથી સાથે ઘસ્યા કરવાથી ડોસાને હાથે આંટણ પડ્યાં હતાં અને વાંકા વળી બેસી રહેવાથી તેની છાતી ઊંડી ઊતરી ગઈ હતી.'... ત્યાંથી આગળ એક ક્લોઝ-અપની સૂક્ષ્મતા નીરખીએ :

'એ ટપકાં જેવી આંખ ધીમે ધીમે બારણાના છિદ્ર પાસે આવી ઊભી રહેતી... છિદ્ર સાથે ગોઠવાતી અને પછી છિદ્રના ગોળાકારમાંથી પસાર થઈ ધીમે ધીમે ડોસાની આજુબાજુના વાતાવરણને વીંધતી, આજુબાજુ ફેલાઈ જતી.' (પૃ. ૨૭)

ડોસાની ચકળવકળ ઘૂમતી આંખોને 'તસુએ તસુ જમીનને સૂંઘતી' દેખાડીને નેત્ર-નાસિકાના ઇન્દ્રિયવ્યત્યયનો પ્રયોગ સાધ્યો છે.

'બિલોરી કાચ જેવી આંખો પહેરેલો માણસ' પ્રતીકપ્રધાન કથનનો એક વિસ્તાર છે. દેવચકલીઓ અને કૂતરાની સફેદાશ એકબીજામાં ઓતપ્રોત થઈ જાય, ડોસો સૅડિસ્ટ મેનિયાકની માફક યુવતીને દોરડાથી ફટકારવા માંડે અને અંતે ડોસાની પશ્ચાત્તાપભરી બંદગી સાથે કૂતરાનો વિલક્ષણ મરણિયો ઉછળાટ – લેખકની નિયોરિયલ અનોખી આલમનો અહેસાસ કરાવે છે.

'ઉન્માદ'નો લૅન્ડસ્કેપ પાંચ-સાત માણસોના ઉતાર-ચડાવને આશ્લેષમાં લે છે. લેખકનો દાવો છે કે આ કથા અસત્ય ઘટના હોવા છતાં એના પરથી 'દોઢેક હજાર જેટલી હિંદી ફિલ્મો' બની શકે. તેઓ સાચે જ સાચા છે કે ઉન્માદવશ 'કેટલી હદે જાડી જાડી અને બરછટ સનસનાટી' – આવી વાર્તા દ્વારા સર્જી શકે છે. દા.ત., રસિક છાબરાની ઘોર અનૈતિકતાની સજા સપનના મુખે આ રીતે લેખક જાહેર થવા દે છે :

– તેને બંને આંખોથી આંધળો કરી દેવો.
– તેને બંને કાનથી બહેરો કરી દેવો.
– તેની જીભ કાપી નાખવી. (પૃ. ૧૨૬)

પછી રસિક છાબરા તથા લાલાકાકાની પ્રોપર્ટી વડે લેખક સૂચવે છે કે 'Life Affirmative Behavioural School' સ્થાપવી (પૃ. ૧૨૭). (કર્તાનું અહીં બૅલેન્સિંગ ઍક્ટ દેખાય ?)

'ગુડ નાઇટ... સ્વીટહાર્ટ !' કથા-વાર્તા જેવી નથી રચાઈ પણ 'રહસ્યકથા' છે એમ કર્તાએ સ્પષ્ટ કર્યું છે તોયે શરૂઆતમાં પાત્રોના પરિચય-પ્રવેશ ઉપરથી થાય કે આને નાટ્ય-રહસ્ય-કથા પણ કહી શકાય. ફૉર્મની દૃષ્ટિએ લેખકે નિજી નિવેદનમાં કહ્યું છે કે વાચક પોતાની રીતે

આ કથાનો અંત કે આકાર નક્કી કરી શકે છે માટે કથાને (નળે દમયંતીને વનમધ્યે છોડી મૂકી હતી એમ ?) છોડી દીધી છે ?

ફ્રી-ફૉર્મનો આવો પ્રયોગ – વાચકમાત્રને સ્વતંત્રતા અર્પવાનો યશ શ્રીકાન્તને ખાતે જાય – કે ના જાય ?

કોણ જાણે કેમ પૂરા સંગ્રહમાં વાર્તાકારની ચિકિત્સક દૃષ્ટિ, આદર્શ-મૂલ્યોની ગરવી કરતાં વરવી સંકુલ સ્થિતિગતિ ચીંધવામાં વિરલ કૌશલ્ય સિદ્ધ કરી શકી છે.

‘ત્રણ અક્ષરના પડછાયા’માં એક માણસ ડ્રોઇંગરૂમમાં, બીજો રસ્તા ઉપર અને ત્રીજો માણસ – મરી જાય છે ! ભરતભાઈ, દીપક ઓઝા, સમીર મરચન્ટના ક્રીડા-વિશ્વમાં કર્તા એમની કી-હોલિક Voyenristic દૃષ્ટિથી કેવાં કેવાં દૃશ્યો પેશ કરે છે ! દા.ત. આંખોમાં ગઈ રાતની વ્હિસ્કી અને મીતા સાથેના પ્રીમેચ્યોર ઇજેક્યુલેશનની બાઘાઈ હતી. (પૃ. ૧૩૯) પોતાની વિધવા બહેન તદ્દન નગ્ન અવસ્થામાં... ભેગી કરેલી બે બેન્ચ ઉપર... હેડમાસ્તરના નપાવટ દીકરા મનોજ સાથે... (પૃ. ૧૪૩) ‘ડિવૉર્સી અને ચોંટી ગયેલી ફેલોપીન-ટ્યૂબવાળી ઘઉંવર્ણી સ્ત્રીને પ્રેમ કરતા હતા’ (પૃ. ૧૩૯) વગેરે વગેરે..

જ્યારે વાર્તાઓ, ઉપર્યુક્ત વર્ણનો સાથે અન્ય વેશ-પરિવેશાન્તરોમાં વિલસી વિકસતી હોય ત્યારે ભાવકને લેખકનો નાયક દીપક ઓઝા સાંભરે, જે ‘પોર્નો-ફિલ્મ જેવી ઍક્ટિંગ કરવા, ક્યારેક ક્યારેક શિલાજિત ચાટી’ લે છે !

વાર્તાલેખકની હિંમતને દાદ દઈ તેમણે આઠેક વાર્તાઓ રાલ્ફ સ્ટ્રાઉસ, એ. ડી. ડ્વીન, રિચાર્ડ હાર્ડવીડ, હાલ ડ્રેસનર જેવા અહીં અજાણ્યા વિદેશી લેખકોની વાર્તા-આકૃતિઓનાં રૂપાંતર, પોતાની રીતે રમતાં મેલ્યાં છે. ‘હારબંધ પડેલાં મડદાં’ વાંચીને તો લુઈ બ્યુનેલની ફિલ્માંકિત સૃષ્ટિ ફરીથી કલ્પનાનેત્ર સમક્ષ રેલાઈ રહી...

અનુ-આધુનિક કાળની વાર્તા-રીતિઓથી તદ્દન વિભિન્ન, આધુનિક સમયનું નિયો-રિયલ, ન્યૂડ-રિયલ, સર-રિયલ કથાવિશ્વ પાત્રાનુરૂપ ભાષાકર્મ દ્વારા આલેખવા બદલ શ્રીકાન્ત શાહને ધન્યવાદ. ‘એક હતો હું’ માણ્યા પછી ‘એક છું હું’ સંગ્રહની અપેક્ષા, એની પ્રતીક્ષા કરશે...